દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૧૬ જુલાઈ, ૨૦૨૬

# કમાણી અને ખર્ચમાં ટુ-ટાયર સિટી મેગા સિટીને માત આપી રહ્યા છે પણ ઈન્ફ્રાસ્ટ્રકચરની જરૂરીયાત મોટો પડકાર

તાજેતરમાં દેશના નાના અને ઉભરતા શહેરોની આર્થિક સ્થિતિ અંગે રજૂ થયેલા એક સર્વેક્ષણ અને તેના વિશ્લેષણના તારણો ભારતની બદલાતી આર્થિક વાસ્તવિકતા અને વિકાસના નવા પ્રવાહો પર પ્રકાશ પાડે છે. અત્યાર સુધી દેશના આર્થિક વિકાસ અને કમાણી-ખર્ચના કેન્દ્રબિંદુ તરીકે દિલ્હી, મુંબઈ, બેંગ્લોર જેવા મેટ્રો કે મહાનગરોનો જ એકહથ્થુ દબદબો રહ્યો છે. પરંતુ બદલાતા સમય સાથે હવે નાના અને મધ્યમ કક્ષાના શહેરો દેશના આર્થિક વિકાસના નવા એન્જિન તરીકે ઉભરી રહ્યા છે. આ વૈશ્વિક અને રાષ્ટ્રીય બદલાવમાં ગુજરાતના ત્રણ મુખ્ય શહેરો–વડોદરા, સુરત અને અમદાવાદ–એ દેશના ટોપ-૧૦ શહેરોમાં સ્થાન મેળવીને રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને ઝડપી પ્રગતિનો મોટો સંકેત આપ્યો છે. આ અહેવાલ માત્ર આંકડાઓની માયાજાળ નથી, પરંતુ ભારતની સામાજિક-આર્થિક સંરચનામાં આવી રહેલા એક બહુ મોટા અને ગહન પરિવર્તનની સાક્ષી પૂરે છે.

લાંબા સમયથી એવી માન્યતા રહી છે કે જો કોઈ વ્યક્તિએ મોટી કમાણી કરવી હોય અથવા ઉચ્ચ જીવનધોરણ જીવવું હોય, તો તેણે મુંબઈ કે દિલ્હી જેવા માયાવી અને ખર્ચાળ શહેરો તરફ સ્થળાંતર કરવું જ પડે. પરંતુ આ સર્વેક્ષણ દર્શાવે છે કે આ માન્યતા હવે કાગળ પરની વાતો બની રહી છે. કમાણી અને ઘરેલુ ખર્ચની દ્રષ્ટિએ ભારતના નાના અને ઉભરતા શહેરો મુંબઈ જેવા મેટ્રો સિટીઝને પણ જોરદાર ટક્કર આપી રહ્યા છે. યાદી પર નજર કરીએ તો, ચંડીગઢ વાર્ષિક રૂા. ૧૯ લાખની સરેરાશ કૌટુંબિક કમાણી સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, જ્યારે કેરળનું તિરૂવનંતપુરમ રૂા. ૧૭.૫ લાખ સાથે બીજા ક્રમે છે. સૌથી ગર્વ લેવા જેવી બાબત એ છે કે ગુજરાતની સંસ્કારી નગરી અને ઉદ્યોગ કેન્દ્ર તરીકે જાણીતું વડોદરા રૂા. ૧૭.૩ લાખની વાર્ષિક આવક સાથે દેશમાં ત્રીજા સ્થાને રહ્યું છે. તિરૂપુર ચોથા ક્રમે છે, જ્યારે હીરા અને ટેક્સટાઈલ નગરી તરીકે વિશ્વવિખ્યાત સુરત રૂા. ૧૫.૫ લાખ સાથે પાંચમા ક્રમે અને દેશનું પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદ રૂા. ૧૪.૨ લાખ સાથે ૧૦મા ક્રમે સ્થાન પામ્યું છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે કમાણી મામલે હવે મધ્યમ કક્ષાના શહેરો કોઈનાથી પાછળ નથી.

આ અહેવાલનું સૌથી મહત્વનું પાસું એ છે કે છેલ્લા એક દાયકામાં દેશમાં મધ્યમ વર્ગની સંખ્યા અને તેમની આર્થિક ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો થયો છે. ખાસ કરીને રૂા. ૬ લાખથી લઈને રૂા. ૩૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી છે. અર્થશાસ્ત્રના નિયમ મુજબ, જ્યારે મધ્યમ વર્ગની આવક વધે છે, ત્યારે બજારમાં નાણાંનું પરિભ્રમણ વેગવંતુ બને છે. આ શહેરો માત્ર કમાણીની દ્રષ્ટિએ જ આગળ નથી આવ્યા, પરંતુ ઘરેલુ ખર્ચ એટલે કે વપરાશ મામલે પણ મોખરે રહ્યા છે. અર્થશાસ્ત્રની ભાષામાં કહીએ તો "આવક સાથે જાવક પણ વધી છે". આ વધેલો ખર્ચ એ બાબતનો પુરાવો છે કે લોકોનું જીવનધોરણ સુધરી રહ્યું છે. લોકો હવે માત્ર પાયાની જરૂરિયાતો પાછળ જ નહીં, પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય, આધુનિક ગેજેટ્સ, વાહનો, પ્રવાસન અને મનોરંજન પાછળ પણ મુક્ત મને ખર્ચ કરી રહ્યા છે. આ ટ્રેન્ડ સ્થાનિક કક્ષાએ વેપાર-રોજગારને વેગ આપે છે અને એક મજબૂત આર્થિક ચક્રનું નિર્માણ કરે છે.

ગુજરાતના ત્રણ-ત્રણ શહેરો દેશના ટોપ-૧૦માં સ્થાન મેળવે તે કોઈ સંયોગ કે અકસ્માત નથી, પરંતુ તેની પાછળ રાજ્યની ભૌગોલિક સ્થિતિ, વેપારી માનસિકતા અને લાંબા ગાળાની સાનુકૂળ નીતિઓ જવાબદાર છે. વડોદરાનું ત્રીજા ક્રમે આવવું તે દર્શાવે છે કે આ શહેર માત્ર શિક્ષણ અને સંસ્કૃતિનું જ કેન્દ્ર નથી, પરંતુ ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, એન્જિનિયરિંગ અને આઈટી ક્ષેત્રે મોટું હબ બની ચૂક્યું છે. અહીં સ્થિર અને ઉચ્ચ આવક ધરાવતા વ્યવસાયિકોની સંખ્યા વધી રહી છે. સુરત હંમેશાથી પોતાની અદભુત ઉદ્યોગસાહસિકતા માટે જાણીતું રહ્યું છે. હીરા ઉદ્યોગ અને ટેક્સટાઈલ ક્ષેત્ર ઉપરાંત ડાયમંડ બોર્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કારણે સુરતમાં માથાદીઠ આવક અને વૈશ્વિક રોકાણ બંનેમાં મોટો ઉછાળો આવ્યો છે. જ્યારે અમદાવાદ મેગા સિટી બનવા તરફ અગ્રેસર હોવા છતાં તેની આસપાસ વિકસેલા સેનંદ અને ગિફ્ટ સિટી જેવા પ્રોજેક્ટ્સને કારણે નાણાકીય સેવાઓ અને ઓટોમોબાઈલ ક્ષેત્રે રોજગારી અને આવકના નવા સ્ત્રોત ઊભા થયા છે.આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતું પ્રોત્સાહન, સિંગલ વિન્ડો ક્લિયરન્સ, સાનુકૂળ કાયદો અને વ્યવસ્થા તેમજ ઔદ્યોગિક શાંતિ આ પ્રગતિના પાયામાં રહેલા મુખ્ય પરિબળો છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો સારો વિકાસ–જેમ કે પાકા રસ્તા, અવિરત વીજળી પુરવઠો અને કનેક્ટિવિટી–રોકાણકારોને આકર્ષવામાં સફળ રહ્યા છે. આ ઉજળી બાજુની સાથે-સાથે કેટલાક ગંભીર પડકારો તરફ પણ ધ્યાન આપવું અનિવાર્ય છે, જેની ઉપેક્ષા લાંબા ગાળે નુકસાનકારક સાબિત થઈ શકે છેઃ સરેરાશ આવકના આંકડા ભલે ઊંચા દેખાતા હોય, પરંતુ શહેરી વિસ્તારોમાં અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ વધી ન જાય તે જોવું પડશે.

વિકાસનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચવો જરૂરી છે. જેમ-જેમ કમાણી અને ખર્ચ વધશે, તેમ-તેમ આ શહેરો તરફ સ્થળાંતર વધશે. તેનાથી ટ્રાફિક, પ્રદૂષણ, આવાસની તંગી અને પાણી-ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ પર અતિશય દબાણ આવશે. જો આ નાના અને ઉભરતા શહેરોને યોગ્ય આયોજન, ટકાઉ સંસાધનો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સાથ મળતો રહેશે, તો તેઓ આગામી સમયમાં માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતના આર્થિક મહાસત્તા બનવાના સપનાને સાકાર કરવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવશે તેમાં કોઈ શંકા નથી.

# અર્થતંત્રનાં ત્રણ નવાં એન્જિન : યુનિક્લો, યુરેનિયમ અને AI ચિપ્સ

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

### એક જ દિવસમાં જાપાન, ઓસ્ટ્રેલિયા-ભારત અને અમેરિકાની ત્રણ મહત્ત્વપૂર્ણ ઘટનાઓએ વિશ્વની નવી દિશાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે

વિશ્વ અર્થવ્યવસ્થામાં સત્તા, સંપત્તિ અને ટેકનોલોજીનાં કેન્દ્રો ઝડપથી બદલાઈ રહ્યાં છે. એક જ દિવસમાં જાપાન, ઓસ્ટ્રેલિયા-ભારત અને અમેરિકાની ત્રણ મહત્ત્વપૂર્ણ ઘટનાઓએ વિશ્વની નવી દિશાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. જાપાનની ફાસ્ટ રિટેલિંગ (યુનિક્લો) વૈશ્વિક કપડાં ઉદ્યોગમાં નવો ઈતિહાસ રચવા તરફ આગળ વધી રહી છે. બીજી તરફ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યુરેનિયમ પુરવઠાનો માર્ગ સંપૂર્ણપણે ખૂલ્યો છે. ત્રીજી તરફ AI ક્રાંતિના કારણે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં અણધારી તેજી જોવા મળી રહી છે. આ ત્રણ સમાચાર જુદા જુદા નથી; તેઓ મળીને આવનારા વિશ્વના આર્થિક નકશાની રચના કરી રહ્યા છે.

યુનિક્લો : જાપાનની નવી વૈશ્વિક સફળતા

એક સમય એવો હતો જ્યારે વૈશ્વિક ફેશન બજારમાં સ્પેનની ઝારા અને સ્વીડનની H|Mનું પ્રભુત્વ હતું. આજે જાપાનની યુનિક્લો ઝડપથી બંનેને પડકાર આપી રહી છે. ફાસ્ટ રિટેલિંગે પોતાના વાર્ષિક વેચાણનો અંદાજ વધારીને લગભગ 3.97 ટ્રિલિયન યેન કર્યો છે. નફો પણ 500 અબજ યેન સુધી પહોંચવાની ધારણા છે. આ માત્ર નાણાંકીય સફળતા નથી; આ જાપાનની ઔદ્યોગિક દૃષ્ટિ, ગુણવત્તા અને વૈશ્વિક બ્રાન્ડ નિર્માણનું પરિણામ છે. વિશ્વમાં ઉત્પાદન કરવું હવે પૂરતું નથી. સાચી કમાણી બ્રાન્ડમાં છે. એપલ હોય કે નાઈકી, ઝારા હોય કે યુનિક્લો–ગ્રાહક માત્ર વસ્તુ ખરીદતો નથી; તે વિશ્વાસ ખરીદે છે. યુનિક્લોની સફળતા પાછળ ગુણવત્તા અને સરળ ડિઝાઈન, દરેક હવામાન માટે ઉપયોગી ઉત્પાદનો, વૈશ્વિક સપ્લાય ચેઈનનું ઉત્તમ સંચાલન, ટેકનોલોજી આધારિત ઉત્પાદન અને ગ્રાહકકેન્દ્રિત વિચારસરણી છે. ભારત માટે આ મોટો પાઠ છે. માત્ર ઉત્પાદન વધારવાથી વિશ્વ જીતાતું નથી. ભારતીય કંપનીઓએ વૈશ્વિક બ્રાન્ડ નિર્માણ તરફ વધુ ધ્યાન આપવું પડશે. ભારત માટે યુરેનિયમ : ઊર્જા સુરક્ષાનો નવો અધ્યાય બીજો મહત્ત્વપૂર્ણ વિકાસ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે થયો છે. ઓસ્ટ્રેલિયાએ હવે ભારતને શાંતિપૂર્ણ હેતુઓ માટે યુરેનિયમની નિકાસનો માર્ગ સંપૂર્ણપણે ખુલ્લો કર્યો છે. ભારત પરમાણુ અપ્રસાર સંધિ (NPT)માં સામેલ નથી છતાં જરૂરી સુરક્ષા વ્યવસ્થા પૂર્ણ થયા પછી આ નિર્ણય લેવાયો છે. આ ઘટનાનું મહત્ત્વ સામાન્ય વેપાર કરતાં ઘણું વધારે છે. ભારતે વર્ષ 2047 સુધી પરમાણુ વીજ ઉત્પાદનક્ષમતા 8 ગીગાવોટથી વધારીને 100 ગીગાવોટ સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે.

શા માટે? કારણ સ્પષ્ટ છે. ભારતમાં ઝડપથી વધતાં ડેટા સેન્ટરો, ઈલેક્ટ્રિક વાહનો, મેટ્રો રેલ, ડિજિટલ અર્થવ્યવસ્થા અને ઔદ્યોગિક વિકાસ માટે વિશાળ પ્રમાણમાં સતત વીજળીની જરૂર પડશે. સૌર અને પવન ઊર્જા મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તે સતત ઉપલબ્ધ રહેતી નથી. તેના માટે વિશ્વસનીય આધાર તરીકે પરમાણુ ઊર્જા અનિવાર્ય બનશે. ઓસ્ટ્રેલિયા વિશ્વના સૌથી મોટા યુરેનિયમ ભંડારો ધરાવે છે. ભારત માટે કેનેડા, કઝાખસ્તાન અને હવે ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી પુરવઠો ઉપલબ્ધ થવાથી ઊર્જા સુરક્ષા વધુ મજબૂત બનશે. આ માત્ર ઊર્જા સહકાર નથી. આ ભારત-ઓસ્ટ્રેલિયા વ્યૂહાત્મક ભાગીદારીનો પણ નવો તબક્કો છે. AI ક્રાંતિ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગ ત્રીજો અને કદાચ સૌથી મહત્ત્વપૂર્ણ સંદેશ અમેરિકાની એપ્લાઈડ મટીરિયલ્સ કંપની તરફથી આવ્યો છે. વિશ્વની અગ્રણી ચિપ ઉત્પાદન મશીન બનાવતી આ કંપનીએ જણાવ્યું છે કે તેના મોટા ગ્રાહકો આગામી બે વર્ષ નહીં પરંતુ 2030 સુધીની માંગનો અંદાજ આપી રહ્યા છે. આ અસામાન્ય ઘટના છે. સામાન્ય રીતે સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં માંગમાં ભારે ચઢાવ-ઉતાર રહે છે. પરંતુ AIના કારણે સ્થિતિ બદલાઈ ગઈ છે. વિશ્વમાં ડેટા સેન્ટરોનું જાળું ઝડપથી વિસ્તરી રહ્યું છે. દરેક AI મોડલને હજારો નહીં પરંતુ લાખો અદ્યતન ચિપ્સની જરૂર પડે છે. એટલા માટે TSMC, સેમસંગ, ઈન્ટેલ, SK Hynix, માઈક્રોન અને અન્ય કંપનીઓ સતત ઉત્પાદનક્ષમતા વધારી રહી છે. અંદાજ મુજબ વૈશ્વિક સેમિકન્ડક્ટર બજાર હવે 2030ની રાહ જોયા વગર આગામી બે વર્ષમાં જ 1.5 ટ્રિલિયન ડોલરને પાર કરી શકે છે. આ સમગ્ર પરિવર્તનનું કેન્દ્ર AI છે.


વિશ્વ અર્થવ્યવસ્થા હવે માત્ર સસ્તા શ્રમ પર આધારિત નથી. નવા યુગમાં સફળતા માટે પાંચ બાબતો અનિવાર્ય બની રહી છેઃ વૈશ્વિક બ્રાન્ડ, અદ્યતન ટેકનોલોજી, વિશ્વસનીય ઊર્જા, સેમિકન્ડક્ટર ઉત્પાદન અને મહત્ત્વપૂર્ણ ખનિજ તેમજ સપ્લાય ચેઈન પર નિયંત્રણ. જે દેશો આ પાંચ ક્ષેત્રોમાં આગળ રહેશે તેઓ આગામી દાયકાઓમાં વિશ્વ અર્થતંત્રનું નેતૃત્વ કરશે.

ભારત માટે આ સમય અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ભારત વિશ્વનું સૌથી મોટું યુવા બજાર ધરાવે છે. ડિજિટલ અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે. મેક ઈન ઈન્ડિયા, સેમિકન્ડક્ટર મિશન, ડેટા સેન્ટર રોકાણ, ગ્રીન એનર્જી અને પરમાણુ ઊર્જા–આ બધું એકબીજા સાથે જોડાયેલું છે. જો ભારત પરમાણુ વીજ ઉત્પાદન વધારશે, વિશ્વસનીય વીજળી ઉપલબ્ધ કરાવશે, સેમિકન્ડક્ટર ઉત્પાદન ઊભું કરશે અને પોતાની વૈશ્વિક બ્રાન્ડ્સ ઊભી કરશે, તો 2047 સુધી વિકસિત ભારતનું સ્વપ્ન માત્ર રાજકીય સૂત્ર નહીં રહે; તે આર્થિક વાસ્તવિકતા બની શકે. પરંતુ પડકારો પણ ઓછા નથી. કુશળ માનવબળ, સંશોધન, પાણી, ઊર્જા, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક સ્પર્ધા–આ બધાં ક્ષેત્રોમાં સતત રોકાણ કરવું પડશે.આ ત્રણેય સમાચારની પાછળ એક અદૃશ્ય પરંતુ શક્તિશાળી પરિબળ પણ કાર્યરત છે–ચીન. ભારત અને ઓસ્ટ્રેલિયા બંને ચીન પરની નિર્ભરતા ઘટાડવા માંગે છે. અમેરિકા ચિપ ઉત્પાદનને પોતાના દેશમાં પાછું લાવવા પ્રયત્ન કરી રહ્યું છે. જાપાન નવી વૈશ્વિક ઉત્પાદન અને સપ્લાય ચેઈન વ્યવસ્થા ઊભી કરી રહ્યું છે.

ભારત પાસે તક પણ છે, ક્ષમતા પણ છે અને સમય પણ છે. હવે પ્રશ્ન માત્ર એટલો છે કે શું આપણે આ ઐતિહાસિક તકનો સંપૂર્ણ લાભ લઈ શકીશું?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## જીવન એક વર્તુળ



**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

એક દિવસ બધા અલકમલકની વાતો કરતા બેઠા હતા, વરસતો વરસાદ હતો અને ગરમાગરમ ભજીયા અને ચાની મિજબાની ચાલી રહી હતી. નીલા દાદી એકદમ ખુશ હતા કારણ કે બધા કેટલા દિવસે તેમની આજુબાજુ બેઠા હતા.

એક સ્વજને કહ્યું, 'નીલા દાદી, તમે તો જીવનમાં અત્યારે લીલીવાડી માણી રહ્યા છો આ જીવનનો તમારો ૮૮ વર્ષનો અનુભવ છે. તો તમારા અનુભવ પરથી અમને કહો કે આ જીવન શું છે??'

નીલા દાદી બોલ્યા, 'ભાઈ મને એટલી ખબર પડી છે કે આ જીવન એક વર્તુળ છે. જેમ આ પૃથ્વી ગોળ છે તે એક વૈજ્ઞાનીકે શોધ્યું છે તેમ મારી શોધ છે કે આ જીવન પણ ગોળ છે અને તે પણ પૃથ્વીની જેમ સતત ઘૂમતું રહે છે.' બધાને નીલા દાદીની વાતમાં રસ પડ્યો નાનકડી પૌત્રી બોલી, 'દાદી ગોળ એટલે હું જે ભૂમિતિમાં દોરું છું તેવું ગોળ!!!' બધા હસ્યા અને નીલા દાદીએ કહ્યું, 'હા વર્તુળ એટલે તેવું જ તું દોરે છે તેવું ગોળ ગોળ અને આ વર્તુળ સતત ઘૂમતું રહે છે અને તેની અંદર સુખ, દુ:ખ, ખુશી, આનંદ, શોક, સફળતા, નિષ્ફળતા બધું જ એક પછી એક ઘૂમતા રહે છે.' પુત્રી બોલી, 'મમ્મી બરાબર સમજાવને એટલે આ નવી પેઢી સમજી શકે.' નીલા દાદી બોલ્યા, 'આ જીવન પણ ગોળ છે અને તે પણ પૃથ્વીની જેમ સતત ઘૂમતું રહે છે.અને તેની અંદર સુખ, દુ:ખ, ખુશી, આનંદ, શોક, સફળતા, નિષ્ફળતા પણ ઘૂમતા રહે છે અને એક પછી એક આપણને મળે છે.જો તમે અત્યારે કોઈ દુ:ખ માંથી કે કોઈ અઘરા સમયમાંથી પસાર થઈ રહ્યા છો તો ઈશ્વર પર વિશ્વાસ રાખજો આ ફરતું જીવન વર્તુળ તમને સુખ અને સારા સમયની ભેટ થોડા વખતમાં આપશે બસ આશા રાખવી, મહેનત ચાલુ રાખવી અને ખરાબ સમયમાં ડરીને તૂટી પડવું નહિ.એવી જ રીતે જો કોઈ કામમાં નિષ્ફળતા મળી છે તો હિંમત હારવી નહિ મહેનત ચાલુ રાખવી આગળ સફળતા મળશે જ અને ખાસ વાત અત્યરે સારો સમય ચાલી રહ્યો છે અને સુખના દિવસો છે તો અભિમાન કરવું નહિ, ઈશ્વરને ભૂલવા નહિ અને યાદ રાખવું કે આ જીવન એક વર્તુળ છે જે સતત ઘૂમતું રહે છે.' નીલા દાદીએ સુંદર સમજ આપી.

# સ્મૃતિઓ પર માલિકી કોની? વ્યક્તિની કે સત્તાતંત્રની?

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

### શું રાજ્ય પોતાના નાગરિકોને શું યાદ રાખવું અને શું ભૂલી જવું તેની ફરજ પાડી શકે? સ્મૃતિ પર અધિકાર કોનો?

દરેક રાષ્ટ્રના ભૂતકાળમાં એવી ઘટનાઓ હોય છે, જેના માટે તેને ગૌરવ અનુભવાય અને એવી પણ હોય છે, જેના માટે ગ્લાનિ અનુભવાય. ગૌરવ અનુભવવું સહેલું હોય છે પણ ગ્લાનિયુક્ત ઈતિહાસ શી રીતે જીરવવો? તેને કેમે કરીને ઢાંકી શકાતો નથી. જેમ કે, દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જર્મનીનો નાઝી ભૂતકાળ કે દક્ષિણ આફ્રિકાના કલંક જેવો રંગભેદનો ઈતિહાસ. આવા કલંકિત કે શરમયુક્ત ઈતિહાસમાં વર્તમાન પેઢીનું કશું પ્રદાન નથી હોતું પણ એવા સવાલનો વારંવાર સામનો કરવાનો આવે છે કે પોતાના દેશના એ શરમજનક ઈતિહાસનું કરવું શું? તેને ખુલ્લા મને સ્વીકારવો, તેની ચર્ચા કરવી કે પછી તેની પર ઢાંકપિછોડો કરીને તેને વિસરાવી દેવો? જે તે રાષ્ટ્રની વૈચારિક પરિપકવતા કેવી છે એ તેના આ બાબત પ્રત્યેના અભિગમથી સ્પષ્ટ થાય છે.

ભારતમાં પણ ઈતિહાસ અંગેની ચર્ચાઓ અવારનવાર ઊભી થતી રહે છે. પાઠ્યપુસ્તકોમાં ફેરફાર, કયા શાસકને કેટલું સ્થાન મળવું જોઈએ, કઈ ઘટનાનું અર્થઘટન કેવી રીતે કરવું,વગેરે બાબતો અવારનવાર પ્રસાર માધ્યમોમાં ચમકે છે. અલબત્ત,એક વાત સ્પષ્ટ છે કે જે ઈતિહાસની ખુલ્લી ચર્ચા થતી નથી, તે ઈતિહાસ અદશ્ય થતો નથી; પણ જાહેર જીવનમાંથી ખાનગી સ્મૃતિઓમાં જતો રહે છે.

આ સંદર્ભે ચીનમાં બનેલી એક ઘટના વિચારવા જેવી છે. વિજ્ઞાન, ટેક્નોલોજી, ઉત્પાદન અને અર્થતંત્રમાં સમસ્ત વિશ્વને આશ્ચર્યચકિત કરનાર આ દેશ પોતાના ભૂતકાળના એક અધ્યાય અંગે આજે પણ અસ્વસ્થતા અનુભવે છે એ જાણીને આપણને આશ્ચર્ય થયા વિના રહે નહીં. ચીનના ભૂતકાળનો એ અધ્યાય એટલે ચીનના સર્વોચ્ચ નેતા માઓ ઝે દોંગના નેતૃત્વમાં 1966માં આરંભાયેલી 'સાંસ્કૃતિક ક્રાંતિ' તરીકે ઓળખાવાયેલી ઘટના, જેણે આ વર્ષે છ દાયકા પૂરા કર્યા. એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે 'સાંસ્કૃતિક ક્રાંતિ' જેવું સત્તાવાર નામ ધરાવતી આ ચળવળની સૌથી મોટી કિંમત સંસ્કૃતિએ જ ચૂકવવી પડી હતી. વિચારધારાની શુદ્ધિના નામે શરૂ થયેલું આ અભિયાન જોતજોતામાં સામાજિક ઉન્માદમાં ફેરવાઈ ગયું. લાખો લોકોનાં જીવનમાં ઊથલપાથલ થઈ ગઈ. શિક્ષકોને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યા, વિદ્વાનોને શ્રમશિબિરોમાં મોકલવામાં આવ્યા, કલાકારો અને લેખકોને શંકાની નજરે જોવામાં આવ્યા. પુસ્તકોનો નાશ થયો, પરંપરાઓને પ્રતિક્રિયાવાદી ગણવામાં આવી અને વ્યક્તિનું મૂલ્ય તેના વિચારોથી નહીં, તેની રાજકીય વફાદારીથી નક્કી થવા લાગ્યું. આ ચળવળમાં વીસેક લાખ લોકો મૃત્યુ પામ્યા કે આત્મહત્યા કરવા મજબૂર બન્યાં. આજે પણ તેની સ્મૃતિઓ ભૂંસાઈ નથી.

1976માં માઓના મૃત્યુ પછી ધીમે ધીમે ચીનમાં પરિવર્તન શરૂ થયું. અર્થવ્યવસ્થા ખુલ્લી થઈ. વિશ્વ સાથેના સંબંધો વધ્યા. નવી પેઢી ઊભી થઈ. પણ પેલી સાંસ્કૃતિક ક્રાંતિનું શું? સરકારે તેને ભૂલ ગણાવી ખરી, પરંતુ તેના વિશે કેટલું બોલી શકાય, શું લખી શકાય અને કઈ રીતે યાદ કરી શકાય તેની મર્યાદા આજે પણ રાજ્યસત્તા નક્કી કરે છે.

એ શી રીતે? અમેરિકામાં વસતા સિત્તેર વર્ષના ચીની શિલ્પકાર ગાઓ ઝેન 2024માં ચીનની મુલાકાતે આવ્યા કે તેમની ધરપકડ કરી લેવામાં આવી. તેમની પર 'રાષ્ટ્રીય નાયકો અને શહીદોની બદનામી'નો આરોપ મૂકવામાં આવ્યો. કારણ? આ શિલ્પકારે ભૂતકાળમાં એવાં શિલ્પો બનાવેલાં, જેમાં માઓનું વ્યંગ્યાત્મક નિરૂપણ હતું. વક્રતા એ છે કે તેમણે પોતાની કૃતિઓ સર્જી ત્યારે આવો કોઈ કાનૂન અસ્તિત્વમાં નહોતો. આ કલાકારના પિતા સાંસ્કૃતિક ક્રાંતિ દરમિયાન અત્યાચારનો ભોગ બન્યા હતા. ચીનનો આ ઈતિહાસ તેમના માટે એક પારિવારિક જખમ હતો. એથી વધુ વક્રતા એ છે કે વર્તમાન પ્રમુખ શી જીન પિંગના પિતાએ પણ આ ક્રાંતિમાં ઘણું વેઠ્યું હતું.

આ ઘટનાનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન કાનૂની છે. કોઈ પણ કલાકારને એવા કૃત્ય માટે કાનૂની સજા કરી શકાય ખરી કે જે એ કૃત્ય થયું ત્યારે અસ્તિત્વમાં જ નહોતો? અને આ કૃત્ય કંઈ વિધ્વંસાત્મક નહીં, પણ શિલ્પ જેવું સર્જનાત્મક હોય ત્યારે તો ખાસ! સીધી અને સાદી વાત એટલી છે કે કાયદો ભૂતકાળને પોતાની અનુકૂળતા મુજબ બદલવા લાગે, તો તે ન્યાયનું નહીં, પણ સત્તાનું સાધન બની જાય છે.

કળાની ખાસિયત એ છે કે સત્તાવાર દસ્તાવેજો કરતાં કળા દ્વારા વ્યક્ત થતા સત્યની અનુભૂતિ અને ઊંડાણ અનેક ગણાં વધુ હોય છે. ઈતિહાસકાર આંકડા કે તથ્યો મૂકીને ઘટનાનો હિસાબ આપે છે; જ્યારે કલાકાર ઈતિહાસના ઘાની અનુભૂતિ કરાવે છે. સરમુખત્યારો હોય કે લોકશાહીમાં શાસન કરતા સરમુખત્યારશાહી માનસ ધરાવતા શાસકો હોય,તેમને પુસ્તકો, કાર્ટૂન કે તથ્ય ઉજાગર કરતાં માધ્યમો કે લોકો નાપસંદ હોય છે.

ગાઓ ઝેન્ગમને હજી કશી સજા ફરમાવાઈ નથી, પણ તેઓ હજી કેદમાં જ છે. તેમને મુક્ત કરવા માટે માંગ થઈ રહી છે. મૂળ સવાલ એ છે કે શું રાજ્ય પોતાના નાગરિકોને શું યાદ રાખવું અને શું ભૂલી જવું તેની ફરજ પાડી શકે? સ્મૃતિ પર અધિકાર કોનો? રાજ્યનો કે સમાજનો? લોકોના અનુભવ અને સ્મૃતિને કાયદાથી નિયંત્રિત કરી શકાય ખરાં?

એમ માનવાની જરૂર નથી કે આ સવાલ કેવળ એક કલાકારની સ્વતંત્રતાનો છે. આજે નિશાન પર એક કલાકાર છે; આવતી કાલે કોઈ ઈતિહાસકાર, લેખક કે સામાન્ય નાગરિક પણ હોઈ શકે. કારણ કે પોતાનાં નાગરિકોને શું યાદ રાખવું અને શું ભૂલી જવું તે રાજ્ય નક્કી કરવા લાગે, ત્યારે પ્રશ્ન એક વ્યક્તિ પૂરતો રહેતો નથી; સમગ્ર સમાજની વિચારશક્તિનો બની જાય છે.

શું ચીન કે શું ભારત,મૂળ વાત એ છે કે દરેક સમાજ પોતાના ગૌરવને હોંશે હોંશે અપનાવી લે છે, પણ તેની સાચી કસોટી એ છે કે તે પોતાની ગ્લાનિ સાથે કેવી રીતે જીવે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શ્રી ગજાનંદ મંદિર ટ્રસ્ટની પ્રશંસનીય કામગીરી

મહારાષ્ટ્ર સેગાવમાં જ્યાં શ્રી ગજાનંદ મહારાજનું મુખ્ય મંદિર છે. તેમજ ત્ર્મ્કેશ્વર જ્યોતિર્લિંગ (નાસીક)માં તેની શાખા છે.

હાલમાં જ મારો પ્રત્યક્ષ અનુભવ રજૂ કરુ છું. હું જર્યોતીય લીંગ ત્ર્મ્કેશ્વર (નાસીક)ના દર્શન હેતુ નાસીક ગયો હતો. જ્યાં મે ગજાનંદ મંદિર ટ્રસ્ટ સંચાલિત સંસ્થામાં રૂમ ભાડે રાખ્યો હતો. રૂમ ખૂબ જ સરસ, સ્વચ્છ અને પાણીની પૂરતી સગવડ હતી. નોંધનીય બાબત એ હતી કે રૂમનું ભાડું ખૂબ જ વ્યાજબી હતું તેમજ યાત્રાળુ માટે કેન્ટી સ્વરૂપ ચા, કોફી, દૂધ અને અલ્પ આહારની કિંમત ખૂબ જ સામાન્ય હતી. બંને સમય ભોજનની વ્યવસ્થા હતી જેનું મૂલ્ય પણ મર્યાદિત હતું. આ માટે સેવાભાવી સંસ્થા ગજાનંદ મંદિરના ટ્રસ્ટીઓને ખૂબ જ અભિનંદન. અન્યો મંદિરો શીખ લેશે.

**સુરત- રાજુ રાવલ**

## ગુજરાતી સંસ્કાર

આજકાલ વિદ્યાર્થીઓમાં અંગ્રેજી માધ્યમનો પવન ફૂંકાઈ રહ્યો છે ત્યારે ગુજરાતી સંસ્કારને હાનિ પહોંચી રહી છે. ગુજરાત રાજ્યમાં જ જો ગુજરાતી ભાષાને યોગ્ય મહત્ત્વ અને માન પૂરતા પ્રમાણમાં નહીં અપાય તો નર્મદ, પ્રેમાનંદ જેવા ગુજરાતી સપૂતોના આત્માને દુઃખી કરવા જેવું થાય. પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનું ગૌરવ જળવાય છે અને તે સાથે સ્મરણ થાય છે મરાઠી મૂળના લેખક કાકાસાહેબ કાલેલકરનું, જેમને સવાયા ગુજરાતી ગણવામાં આવે છે. રાષ્ટ્રપિતા ગાંધીજી અને સરદાર પટેલ ગુજરાતના જ હતા અને તેમના દ્વારા પણ ગુજરાતી ભાષાની શ્રેષ્ઠ સેવા થઈ હતી. આજે જ્યારે વિપરીત સંજોગો સર્જાયા છે ત્યારે ગુજરાતી ભાષાના અસ્તિત્વ અને આયુષ્યની ચિંતા થાય છે. શાળાઓમાં "ભાષાસજ્જતા" સેમિનારોનું આયોજન અત્યંત જરૂરી છે. જોડણી, અનુસ્વાર અને વિરામચિહ્નોની સમજ કેળવવામાં આવા કાર્યક્રમો ઉપકારક થઈ શકે છે. શાળાઓમાં દર અઠવાડિયે માત્ર એક તાસ પણ ભાષાસજ્જતા માટે, ભાષાશુદ્ધિ માટે ફાળવાય તો પણ સુંદર પરિણામ મળી શકે. આ દિશામાં એક શિક્ષક રાજેશભાઈ ધામેલિયા સ્તુત્ય પ્રયાસો કરી રહ્યા છે. ભાષાશિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય પદ્ધતિ અને રસપ્રદ પ્રવૃત્તિઓ દ્વારા માર્ગદર્શન અપાય તો ગુજરાતી ભાષાનું વ્યાકરણ પણ અઘરું નહીં લાગે અને સતત ગુજરાતી સંસ્કારનું સિંચન થાય તો ગુજરાતી ભાષા વધુ સમૃદ્ધ અને પ્રભાવશાળી બની શકે.

**સુરત - યુસુફ ગુજરાતી**

## ભારતમાં આવી રહેલી શૈક્ષણિક ક્રાંતિ

અત્યાર સુધી આપણા દેશનાં વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે વિદેશની યુનિવર્સિટીમાં જતા હતા પણ હવે શિક્ષણ ક્ષેત્રે મોટી ક્રાંતિ આવી રહી છે. હવે તમારે યુનિ'ટી ઓફ પ્રિસ્ટલ, યુનિ'ટી ઓફ યોર્ક, ઈલિનોઈસ ટેક, વિક્ટોરિયા યુનિ'ટી અને યુનિ'ટી ઓફ લીવરપુલ જેવી ગ્લોબલ યુનિ'ટીમાં શિક્ષણ પ્રાપ્ત કરવા માટે લંડન, શિકાગો કે મેલબોર્ન જવાની જરૂર નથી. આ યુનિવર્સિટીઓ મુંબઈ, દિલ્હી, અને બેંગલોર જેવાં શહેરોમાં પોતાના કેમ્પસ ખોલી રહી છે. અત્યાર સુધીમાં ૧૫ જેટલી વિદેશની યુનિવર્સિટીને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય તરફથી પરમીશન (લેટર ઓફ ઈન્ટેન્ટ) મળી ગઈ છે. આમાંથી મોટા ભાગના કેમ્પસની પ્રથમ બેચ ઓગસ્ટમાં શરૂ થઈ જશે. પ્રથમ બેચમાં કેમ્પસ દીઠ ૨૦૦ થી ૨૫૦ જેટલાં વિદ્યાર્થી લેવાશે. વર્તમાન સત્ર માટે ૧૦૦૦૦ થી વધુ અરજીઓ મળી ચૂકી છે. આવતા પાંચ વર્ષમાં વાર્ષિક ૧૦૦૦ થી ૧૨૦૦ વિદ્યાર્થીઓ પ્રત્યેક કેમ્પસમાં લેવાશે. એડમિશન માટે ધો.૧૨ માં મીનીમમ ૭૫% અને ગ્રેજ્યુએશનમાં ૫૫ યા ૬૦% નું ધોરણ રાખ્યું છે. એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ ૧-૨ સેમેસ્ટર વિદેશમાં ભણવા માટેની તક પણ મળશે. વિદ્યાર્થીઓને તેમની લાયકાત પ્રમાણે સ્કોલરશીપ પણ આપવામાં આવશે. ભારતનાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આ એક ઉજ્જવળ તક છે.

**સુરત -ડૉ. કિરીટ ડુમસિયા**

## આ મોંઘવારી અને વધતા ભાવો કોઈ કાબૂમાં લાવી શકે છે ખરા?

એક તરફ રિટેલ ફુગાવો વધી રહ્યો છે. બીજી તરફ સરકારની આવકમાં વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ ઇંધણ અને પરિવહન ખર્ચ સતત વધી રહ્યો છે.

ગુજરાતમાં થયેલા ભારે વરસાદ મહારાષ્ટ્ર સહિત પાક ઉત્પાદકો વિસ્તારોમાં થયેલા પાકના નુકસાન ઓછી આવક અને પરિવહન ખર્ચ વધતા મોટાભાગની શાકભાજીઓના ભાવ સદી વટાવી ગયા છે. સૌથી મોટી આગ આદુ અને કોથમીરમાં લાગી છે. ૮૦ રૂપિયે કિલો વેચાતું આદુ ૩૦૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યું છે. કોથમીર કે જે શાકભાજી સાથે મફત મળતી હતી તે કોથમીર ૨૫૦ રૂપિયા કિલો વેચાઈ રહી છે. ૨૦ રૂપિયા કિલો વેચાતા કાંદા બટાકા ૫૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યા છે. અમેરિકા ઈરાન વચ્ચે ફરી યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. પેટ્રોલ ડીઝલના ભાવો વધવાની શક્યતા છે. શાકભાજીની માંગમાં વધારો થઈ શકે છે. પરિણામે મધ્યમવર્ગ અને શ્રમજીવી લોકોની હાલત વધુ કફોડી થવાની શક્યતા છે. બીજી બાજુ ડીઝલના ભાવો વધવાને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચ વધી જતાં ખેડૂતો પાસેથી ખરીદેલું શાકભાજી ગ્રાહકો સુધી પહોંચતાં વધુ મોંઘું પડી રહ્યું છે. લોટ કઠોળ ખાદ્યતેલ મસાલા ફળો વિગેરેના ભાવો વધતા ગૃહિણીનું બજેટ ખોરવાઈ ગયું છે. શાકભાજી અને કરિયાણા ખાદ્યતેલના ભાવોમાં કોઈનો અંકુશ નથી. મનફાવે તેમ ભાવો વધી રહ્યા છે. કોઈ ભાવો અંકુશમાં આવ્યા કાબૂમાં લેશે નહીં તો હાલત હજુ ખરાબ થવાની સંભાવના છે.

**સુરત -અબ્બાસભાઈ કૌકાવાલા**

## ખોરાકના પેકેટ પર સ્ટેપલર પીન મારવાનું બંધ કરો

ઘણી વાર નાના છોકરા ખાવાની ઉતાવળમાં સ્ટેપલર પીન મારેલ પાર્શલ ખોલે તો પીન ખાદ્ય વસ્તુમાં મિક્સ થઈ જાય છે ને આખરે નુકસાન કરે છે. મારું માનવું છે કે વેપારીઓ સ્ટેપલર પીન મારશે નહીં અને ગ્રાહકે સ્ટેપલર પીન મારેલી વસ્તુ લેવી નહીં. દૈનિક પેપર દ્વારા જાણકારી મળી કે હોટલ ઉદ્યોગમાં ડીશમાં વાંદો-માખી જેવું અને ડેરી ઉદ્યોગમાં બનાવટી પનીર ઘી વિગેરે ભેળસેળવાળા વસ્તુ પકડાય છે તેને મોટી સજા તથા દંડ વસુલી થાય છે. ઘણી વાર વાસી ખોરાક કે બગડેલો ખોરાક પીરસવામાં આવે છે. આમાં આખરે નુકસાન તમને જ છે. જે સજા-દંડ અને દુકાનની શાખ ગુમાવવી પડે છે.

**સુરત - મહેશ આઈ. ડોકટર**

## વર્તમાન યુગ સ્કિલ , રિ-સ્કિલ અને અપ- સ્કિલનો

વિશ્વ યુવા કૌશલ દિવસ યુવાનોની બેરોજગારીના પડકારોને સંબોધવાના ઉદ્દેશ સાથે દર વર્ષે 15 મી જુલાઈના દિવસને સમગ્ર દુનિયામાં વિશ્વ યુવા કૌશલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કોઈ પણ દેશનું યુવા ધન એ જે તે દેશનું ભવિષ્ય છે. 21 મી ટેકનોલોજીની સદીમાં ટેકનોલોજીના અતિ ઝડપી વિકાસને પરિણામે જે યુવાનોમાં વિવિધ કૌશલનો અભાવ છે તેમને માટે રોજગારી મેળવવી પડકાર સમાન બની જાય છે. થોડાં વર્ષો પહેલાં ભારતના વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે આજનો યુગ એ સ્કિલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલનો છે. ઝડપથી પરિવર્તન પામતા સમયમાં યુવાઓએ દરરોજ કંઈક નવું નવું શીખવાની તૈયારી રાખવી પડશે. કોઈ પણ દેશમાં યુવાનો એ જે તે દેશની કરોડરજ્જુ સમાન છે. સમગ્ર વિશ્વમાં જે યુવાનો વિવિધ કુશળતા ધરાવતા હશે તેઓ ઝડપથી આગળ વધી શકશે. આપણા દેશમાં પ્રધાનમંત્રી સશક્ત કૌશલ યોજના અંતર્ગત દેશનાં યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં ઔદ્યોગિક તાલીમ આપવામાં આવે છે. આપણા દેશમાં 'કૌશલ્ય : ધ સ્કિલ યુનિવર્સિટી' થકી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ભરપૂર પ્રયત્ન થઈ રહ્યા છે. વર્તમાન ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ કૌશલ્યો દ્વારા યુવાનોના સશક્તિકરણ માટે પૂરતા પ્રયત્ન થઈ રહ્યા છે તે સારી વાત છે.

**નવસારી -ડૉ. જે. એમ. નાયક**